# પ્રેરિત પાઉલે પત્રો દ્વારા નવા વિશ્વાસીઓને ઉત્તેજન આપ્યું.

**પ્રાર્થના** : વ્હાલા પ્રભુ, નવી મંડળીઓ માટે પાઉલે જે કર્યું અને તેમને પત્ર લખ્યા તે શીખીને આભારી થવા બાળકોની સહાય કરો.

બાળકોની જરૂરિયાતો અને સમજણશક્તિ મુજબ પ્રવૃત્તિઓ પસંદ કરો.

સૌથી નાનો **ફિલેમોનને પત્ર** શીખવવાની તૈયારી કરો. તેમાં જણાવેલ છેઃ-

- પાઉલ પોતાને શું કહેવડાવે છે (ક.૧)
- ફિલેમોન પાસે શું હોવું જોઈએ તે બાબત તેની ઈચ્છા શી હતી ? (ક.૩)
- તે ફિલેમોનને માટે શું કરતો હતો ? (ક.૪-૬)
- કોને માટે તે ફિલેમોન પાસે ભલામણ કરે છે?(ક.૧૦-૧૪)
- ફિલેમોન શું કરે તેવી પાઉલની ઈચ્છા હતી ?(ક.૧૫-૧૮)



પાઉલે શા માટે ફિલેમોન ઉપર પત્ર લખ્યો તે બાળકોને **કહો**. ઉપરના પ્રશ્નોના જવાબમાંથી જે બાબતો તમને મળી તેને લગતા પ્રશ્નો **પૂછો**.

પાઉલ તેના કેટલાક પત્રો લખતી વખતે બંદિખાનામાં કેમ હતો તે **સમજાવો.**

- રોમન સમ્રાટો ઘણાં પ્રદેશો ઉપર રાજ કરતા હતા અને ખૂબ ઘમંડી હતા. તેઓ ખ્રિસ્તીઓને જેલમાં પૂરતા અને રોમન સમ્રાટની પ્રતિમાઓની પૂજા કરવાની ના પાડે તેઓને તેઓએ મારી નાંખ્યા હતા.
- પાઉલે રોમન જેલોમાં ઘણા વર્ષો ગાળ્યા હતા અને ત્યાંથી નવી મંડળીઓને ઉત્તેજન મળે માટે તેણે પત્રો લખ્યા હતા.

પાઉલે લખેલા કેટલાક બનાવોનું **નાટક ભજવો**. તમારે બધા ભાગો ભજવવાના નથી.

- ભજનસેવાના આગેવાન પાસે બાળકોઆ નાટક રજૂ કરે તેવું ગોઠવો.
- મોટા બાળકો કે સભાજનોમાંથી કોઈ આ પાત્રો ભજવે.
- વર્ણન કરનાર, જૂઠો, ફિલેમોન અને પાઉલ કે જે બાઈબલ અને થેલો ઉંચકે છે.
- **નાના બાળકો** પથ્થર ફેંકનારાઓ,જેલર,લૂંટારા અને ઓનેસિમસ કે જેની પાસે પત્ર છે તેના પાત્રો ભજવે.

**ઉદ્‌ઘોષક** : બાઈબલના પત્રોમાંના એક બાબતે એક ગુલામ શું યાદ કરે છે તે સાંભળો.

**ઓનેસિમસ** : ફિલેમોનથી દૂર જવા માટે રૂમમાં દોડે.

**ફિલેમોન** : પાછો આવ ઓનેસિમસ! તું એક ચોરી કરનાર નકામો ગુલામ છે.

**ઉદ્‌ઘોષક** : ઘણે દૂર તે ગુલામને પાઉલનો મેળાપ થાય છે. જે તેને પ્રભુ ઈસુ પાસે લાવે છે અને પાછો મોકલે છે.

**ઓનેસિમસ** : ફિલેમોન પાસે જાય છે અને તેને પત્ર આપે છે.

**ફિલેમોન** : ઓનેસિમસ! છેવટે તું પાછો આવ્યો ! (પત્ર સામે જૂએ છે) શું પાઉલે લખ્યો છે ! તેણે મને લખ્યું છે કે મારે તને પાછો લેવો એક ગુલામ તરીકે નહીં પણ ભાઈ તરીકે હા ! હવે તું સ્વતંત્ર છે ! આપણે બંને સાથે મળીને ઈસુની સેવા કરીશું (ઓનેસિમસને ભેટે છે)

**ઉદ્‌ઘોષક** : પાઉલ જેલમાં હતો ત્યારે જૂઠા આગેવાનો કોરીંથમાં આવ્યા. તેમનું એક જુઠાણું સાંભળો.

**જૂઠો** : પાઉલને પ્રેરિત બનવાનો કોઈ અધિકાર નથી. તે અધિકાર મારી પાસે છે. હું સાચો પ્રેરિત છું અને હવેથી હું તમારી મંડળીને દોરીશ તમે તમારા દાનો મને આપજો.

**ઉદ્‌ઘોષક** : પાઉલે કોરીંથના લોકોને આ ભૂલ સુધારવાનું કહ્યું. તેણે શું લખ્યું તે સાંભળો.

**પાઉલ** : ૨કો. ૧૧ : ૧૩-૧૪ મોટેથી વાંચો.

**જૂઠો** : હું શેતાનનો સેવક છું પણ હું વિશ્વાસીઓને છેતરવા આત્મિક શબ્દો વાપરૂં છું (ખંધુ હસે છે)

**પાઉલ** : ૨કો.૧૧ : ૨૩-૨૪ વાંચે.

**જેલર** : પાઉલ પાસેથી બાયબલ અને થેલો લઈ લે છે. પછી તેને બાંધવાનો અને કોરડા મારવાનો દેખાવ કરે છે. તમારા હાથમાં બહુ ભારે ચાબૂક વડે તમે પાઉલને મારતા હો તેવો દેખાવ કરો. દરેક ચાબુક ફટકારતી વખતે જોરથી સંખ્યા બોલો. ૩૫ થી શરૂ કરો અને ૩૯ પર અટકો. જેમાં પાંત્રીસ(ફટકારો), છત્રીસ(ફટકારો) એમ ઓગણચાલીસ સુધી પાઉલ દરેક ફટકા વખતે ચીસ પાડી ઉઠે છે. ઓગણચાલીસમા ફટકા પૂરા થયે ઢળી પડે છે. થોડીવાર પછી ઉભો થઈને બાયબલ અને થેલો લઈ લે છે. ૨ કો.૧૧ : ૨૫ વાંચે છે.

**પથ્થર ફેંકનારા અને જૂઠો** : તેઓ પાઉલ પર મોટા પથ્થરો ફેંકતા હોય તેવો દેખાવ કરે.

**પાઉલ** : દુ:ખથી બૂમો પાડીને જાય.

**ઉદ્‌ઘોષક** : કોરીંથના લોકોને પાઉલે બીજું શું લખ્યું તે સાંભળો. પાઉલ બાયબલ અને થેલા સાથે ઊભો થાય. ૨કો.૧૧ : ૨૬ વાંચે.

**લૂંટારાઓ** : ચૂપકીદીથી પાઉલની ઠીક પાછળ ચાલે છે. એવું તેઓ બોલે છ 'પેલા થેલામાં કશુંક છે' 'તેને લૂંટી લો' 'તેને મારો' 'થેલો લઈ લો' લાકડી વડે પાઉલને માથામાં ફટકો મારવાનો દેખાવ કરે. સાચી લાકડી વાપરવી નહીં. થેલો ખેંચી લે અને નાસી જાય

**પાઉલ** : લૂંટારાઓના હુમલા વખતે પડી જવું.

**ઉદ્‌ઘોષક** : પાઉલના પત્રોમાંથી વધારે સાંભળો.

**પાઉલ** : ઊભો થાય અને ૨ કો.૧૧ : ૨૭-૨૮ વાંચે.

ઉદ્‌ઘોષક સર્વ મદદ કરનારાનો આભાર માને.

જો બાળકોએ આ નાટક મોટાઓ માટે કર્યું હોય તો તેમને જે પ્રશ્નના જવાબો તેમણે ઉપર આપ્યા છે તે પૂછવા દો. પાઉલે સહન કરેલી કેટલીક બાબતો રજુ કરવા માટે બાળકો અને સભાજનોને આમંત્રણ આપો જેથી પ્રભુની સુવાર્તા બીજા દેશોમાં લઈ જવા માટે ઉત્તેજન પૂરૂ પાડે.

- સમજાવો કે પ્રેમાળ પત્ર લખનાર પાઉલે બીજા લોકની સેવા કરવા માટે આ બધું સહન કર્યું.



૧ યો.૨:૧૨ નાના બાળકો અને ૧ યો.૨:૧૨-૧૪ મોટાઓ **મુખપાઠ કરે.**

ત્રણ બાળકો ૧ યો.૨:૧૨,૧૩,૧૪ મોઢે બોલી જાય.

પાઉલ અને તેના પત્રો ઉપરનું એક ગીત મોટા છોકરા બનાવે.

**પ્રાર્થના :** આકાશમાંના અમારા બાપ, બાઈબલમાંના તમારા અદ્‌ભૂત પત્રો જે દ્વારા પવિત્ર આત્મા અમને ઉત્તેજન આપે છે. સુધારો કરે છે અને સામર્થ્ય આપે છે તેને માટે તમારો આભાર માનીએ છીએ.

Copyright 2004 © by Paul - Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net